જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કુકસ – લાખવડ રોડ, મહેસાણા

D.I.E.T. MAHESANA

જીવન કૌશલ્ય આધારિત ધોરણ–૬ થી ૮ બાળમેળો

GCERT

- વિભાગ–૧ : સ્વચ્છતા, સ્વજાગૃતિ, સ્વાસ્થ્ય અને સુશોભન
- વિભાગ–૨ : સર્જનાત્મકતા
- વિભાગ–૩ : ચાલો શીખીએ.
- વિભાગ–૪ : પર્યાવરણને જાણો, માણો અને જાળવો.
- વિભાગ–૫ : વાંચન–લેખન–અવલોકનની પ્રવૃત્તિઓ
- વિભાગ–૬ : હળવાશની પળોમાં
- વિભાગ– ૭ : સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ
- વિભાગ–૮ : સમૂહ જીવન અને બાલ પ્રદર્શન





લેખન – સંપાદન
જાની વિમલભાઈ જે. બાદરપુર પ્રાથમિક શાળા, તા. વડનગર
પટેલ શૈલેષભાઈ એસ. માખણીપુરા પ્રાથમિક શાળા, તા. વિસનગર
વણકર પ્રવિણભાઈ એમ. વડપુરા પ્રાથમિક શાળા, તા. કડી

સંકલન

પી. આઈ. પટેલ
વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
મહેસાણા

માર્ગદર્શક

વિ. ડી. અઢિયોલ
કાર્યકારી પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
મહેસાણા

પ્રેરક

ડૉ. આર. યુ. પુરોહિત
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર



વર્ષ ૨૦૧૪ – ૧૫

# જીવન કૌશલ્ય આધારિત ધોરણ–૬ થી ૮ બાળમેળો

➢ સંકલ્પના :

જીવન કૌશલ્યો દ્વારા બાળકમાં રહેલી શકિતઓ અને આવડતો પારખવાનું અને તેના દ્વારા જીવનમાં આવતા પડકારોને કુશળતા પૂર્વક ઉકેલી જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જ "જીવન કૌશલ્ય આધારિત બાળમેળો"

➢ હેતુઓ :

૧. બાળકોની જિજ્ઞાષાવૃત્તિ, સામૂહિક ભાવના, સંગ્રહવૃત્તિ, સર્જન અને નિર્ણય શકિત તથા સ્વજાગૃતિ સાથે રસ અને રુચિ કેળવે.

૨. બાળકો વ્યાવહારિક જ્ઞાન, અભિવ્યકિત, આત્મવિશ્વાસ, વૈજ્ઞાનિક અને પર્યાવરણીય દ્રષ્ટિકોણ તથા સાંસ્કૃતિક વારસાની જાળવણી સાથે અંતઃતૃપ્તિ અનુભવે.

૩. બાળકો સ્વચ્છતા, કુદરતી સંપત્તિ અને મૂલ્યોની જાળવણી કરી વિચાર અને ક્રિયાશીલતા દ્વારા વ્યકિતત્વનો જીવનલક્ષી વિકાસ સાધે.

## વિભાગ–૧ : સ્વચ્છતા, સ્વજાગૃતિ, સ્વાસ્થ્ય અને સુશોભન

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ પોતાનો પરિચય આપે તથા લખે અને સેલ્ફી ફોટોગ્રાફ | મોબાઈલ, કાગળ, પેન, ફાઈલ |
| ➢ હાથ ધોવાની સાચી છ રીત. | ડોલ, ગ્લાસ, પાણી |
| ➢ પાણી બચાવો અભિયાન | ચાર્ટ, નળનો ઉપયોગ, સંવાદ નાટકની સ્ક્રીપ્ટ |
| ➢ ફૂલોની માળા, તોરણ, વેણી, પુષ્પગુચ્છ, વોલપીસ, ફૂલદાની અને રાષ્ટ્રધ્વજ બનાવવો. | સોય–દોરો, ફૂલ, મમરા, પૂંઠા, પર્ણ, રંગીન કાગળ તોરણના, સૂતળી, પ્લાસ્ટિક નળી |
| ➢ વ્યસનમુકિત અભિયાન | વિવિધ ચાર્ટ, એક પાત્રીય અભિનયની સ્ક્રીપ્ટ, સૂત્રો |
| ➢ રંગોળી બનાવવી કાગળ તથા જમીન પર | રંગોળી કીટ, જાળી, કલર, રંગીન રેતી. |
| ➢ ઊંચાઈ અને વજન માપન તથા શરીર સ્વચ્છતા. | ઊંચાઈનો ચાર્ટ, વજન કાંટો, નોંધણી પત્રક (ક્રમ/નામ/ શાળા/ વજન / ઉંચાઈ / શેરો) નીલકટર, કાંસકો, સાબુ, રૂમાલ, તેલ, અરીસો. |
| ➢ રૂમાંથી વિવિધ દિવેટો બનાવવી. | રૂ, પાણી, રંગ |

## વિભાગ–૨ : સર્જનાત્મકતા

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ કાગળ કામ (હોડી, ટોપી, દડો, બંદૂક, કેમેરા, ફરકડી, હાર તથા વિવિધ નમૂના બનાવવા) | કાગળ, કાતર, પેન્સિલ, ફેવીકોલ, રંગ, માપપટ્ટી |
| ➢ માટી કામ ( વિવિધ નમૂના બનાવવા ) | ચીકણી માટી, પાણી, રંગ |
| ➢ વેસ્ટમાંથી બેસ્ટ | પ્લાસ્ટીકની બોટલ, ખજૂરીના પાન, જૂની કંકોત્રી, પત્રિકાઓ, બંગડીના કાચ, મીણબત્તી, જૂની બોલપેન, આઈસ્ક્રીમ ચમચી, કાર્ડ સીટ |
| ➢ મુદ્દા પરથી વાર્તા (બોલે અને લખે) | કાગળ, પેન, મુદ્દાની નોંધનો ચાર્ટ |
| ➢ ચીટક કામ (તવીની ડીઝાઈન, પથ્થરના નમૂના, કાર્ડ પેપર અને ટીકકાના નમૂના વગેરે) | રંગ, ફેવીકોલ, કાગળ, ટીલડીઓ, રંગીન પથ્થર, કાચ, આભલા, શંખલા, ટાઈલ્સના ટુકડા, કોડી, બટન, ટીકકા, ચાંલ્લા, ઝરી. |

**વિભાગ–૩ : ચાલો શીખીએ.**

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ શાક સમારવું | શાકભાજી, ચપ્પુ, ડીસ |
| ➢ સાવરણા બનાવવા | સળીઓ, દોરી, વાંસની ચીપ તથા લાકડી |
| ➢ કાગળના પડીકા બનાવવા | છાપાના કાગળ |
| ➢ બૂટ પોલીસ કરવી. | પોલીસ, બ્રશ |
| ➢ ઈસ્ત્રી, કૂકર, મિક્ષરનો ઉપયોગ તથા ફયૂઝ બાંધતાં શીખશે. | ઈસ્ત્રી, કૂકર, મિક્ષર, ફયૂઝ, તાર. |
| ➢ ગાજ–બટન ટાંકવા | સોય, દોરો, બટન |
| ➢ બેંકના કામ–કાજની સમજ તથા હિસાબો લખવા અને અરજી લખવી. | ચેકબૂક, પાસબૂક, ફોર્મ, કાગળ. |
| ➢ ગેસ–સિલિન્ડર જોડવો | ગેસ તથા સગડી, રેગ્યુલેટર |
| ➢ ખીલી–સ્ક્રૂ બનાવવા | ખીલી, સ્ક્રૂ, હથોડી, સ્ક્રૂ ડ્રાઈવર |
| ➢ પ્રાથમિક ઉપચાર | ફર્સ્ટ એઈડ બોક્ષ |
| ➢ ફોટોગ્રાફી | કેમેરા, મોબાઈલ |
| ➢ બાગાયત કામ | કાતર, ડોલ,કોદાળી, પાવડો, ખાતર |
| ➢ કાગળને પંચ કરી ફાઈલ કરવા. | કાગળ, ફાઈલ, પંચ, સ્ટેપલર, ટાંકણી |

**વિભાગ–૪ : પર્યાવરણને જાણો, માણો અને જાળવો.**

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ પર્યાવરણને બચાવવાના સૂત્રો લખવા અને જાણવા | કાગળ, કાર્ડ પેપર, જાડી સ્કેચપેન |
| ➢ શાળા મેદાન, વર્ગખંડ, ગામ, સેનીટેશન સફાઈ | સાવરણી, ડોલ, પાવડો, કચરા પેટી |
| ➢ શાળાના પ્રાંગણમાં ઈંટો, વૃક્ષોને રંગ–રોગાન કરવું. | ચૂનો, રમચી, કૂચડો |
| ➢ ખેતીના ઓજારોની સમજ અને ઉપયોગ. | ખેતીના વિવિધ ઓજારો |
| ➢ જુદા–જુદા વૃક્ષો અને છોડનો પરિચય | કાર્ડ પેપર, સ્કેચપેન, કાતર, વૃક્ષો તથા છોડનો ચાર્ટ |
| ➢ પક્ષીઘરની પ્રવૃત્તિ (વિવિધ માળા બનાવવા) | પૂંઠાનાં ખોખાં, સળીઓ, રૂ, સૂતળી, દોરી |
| ➢ વિવિધ પશુ–પંખીઓની ઓળખ | ચાર્ટ, ચિત્રો, કાર્ડ પેપર, સ્કેચપેન |
| ➢ વનસ્પતિ ઉપયોગની સમજ | ચાર્ટ, કાર્ડ પેપર, સ્કેચપેન |
| ➢ પાણી બચાવો અભિયાન (પ્રવૃત્તિ, ચિત્ર–ચાર્ટ પ્રદર્શન) | ચાર્ટ, પાણીની ટાંકીના નળનો ઉપયોગ. |
| ➢ પર્ણપોથી, ઔષધપોથી બનાવવા વિવિધ ઔષધોની જાણકારી | કાગળ, કાર્ડ પેપર, પર્ણ, ઔષધો, નાની પ્લાસ્ટિક કોથળી. |
| ➢ ઋતુ પ્રમાણે ખોરાક | ચાર્ટ ચિત્રો |

## વિભાગ–૫ : વાંચન–લેખન–અવલોકનની પ્રવૃત્તિઓ

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ સમાચાર પત્રોના કટિંગ્સનું વાંચન | છાપાં, કાતર, ગુંદર |
| ➢ રજાચિઠ્ઠી અને અરજી લખવી. | કાગળ, પેન |
| ➢ મહાપુરુષોના પ્રેરક પ્રસંગોનું વાંચન અને પ્રદર્શન | મહાપુરુષોના પુસ્તકો |
| ➢ અર્થવિસ્તાર, રૂઢિપ્રયોગો, કહેવતો, નિબંધોના લેખનના નમૂના, સુવિચાર, સુલેખન વગેરે | કાગળ, પેન, વિવિધ લખાણના નમૂના |
| ➢ સંગીતના સાધનોનું પ્રદર્શન અને સાંભળવું | સંગીતના સાધનો |
| ➢ અંધશ્રધ્ધા દૂર કરતા વિજ્ઞાનના પ્રયોગો | ચૂંદડી, શ્રીફળ, કંકુ, ચોખા, સાબુ, હળદર, મીણબત્તી, કાગળ, લીંબુ |
| ➢ ભરતગુંથણના નમૂનાનું પ્રદર્શન અને કળા કૌશલ્યનું અવલોકન | ઊન, સૂતર અને કપડું |
| ➢ રેલવેનું સમય–પત્રક | ચાર્ટ (ફોટો) |
| ➢ બુલેટિન બોર્ડના લખાણનું વાંચન અને અવલોકન | ચોક |
| ➢ શબ્દકોશ અને વ્યાકરણ ગ્રંથનું પ્રદર્શન. | શબ્દકોશ અને વ્યાકરણ ગ્રંથ |
| ➢ લગ્નગીતો, ચિત્રવાર્તા, એટલાસ, કાવ્યો, જીવજંતુ, રમત–ગમત, બાળગીતો, દેશભક્તિ ગીતો, સ્વચ્છતા અભિયાનના પુસ્તકોનું પ્રદર્શન | વિવિધ પુસ્તકો, કાગળ, પેન |

## વિભાગ–૬ : હળવાશની પળોમાં

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ કાર્ટૂનચિત્રોનું પ્રદર્શન | કાર્ટૂન ચિત્રો |
| ➢ જુદા–જુદા માસ્ક, મહોરાં વગેરે બનાવવાં | પૂંઠા, રંગીન કાગળ, તૈયાર મહોરાં |
| ➢ જોકર બનાવવા અને વિવિધ વેશભૂષા | વેશભૂષાનાં કપડાં |
| ➢ હાસ્ય નાટકો અને મૂક અભિનય અને જોક્સ | નાટકોની યાદી |
| ➢ વિવિધ ડાન્સ મોબાઈલ પર દેશભક્તિ ગીતો વગાડી ડાન્સ કરાવવા. | મોબાઈલ |
| ➢ અભિનયગીતો રજૂ કરવા. | અભિનય ગીતો સંગ્રહ પોથી |
| ➢ કોમેડી વીડીયો, કલીપીંગ બતાવવી તથા રમુજી ટુચકા સંભળાવવા. | કોમેડી વીડીયો તથા મોબાઈલ |
| ➢ કાગળ પર વિવિધ કાર્ટૂન ચિત્રો અને રમૂજી વાર્તા ચિત્રો દોરી રંગ પૂરવા. | કાર્ટૂનચિત્રો, કાગળ, રંગ, ફાઈલ |
| ➢ એકપાત્રીય અભિનય રજૂ કરવું. | પાત્ર મુજબ |

## વિભાગ– ૭ : સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ ગ્રાહક સુરક્ષા, પોલીસ મદદ, ટ્રાફીક નિયમો, ફાયર સેફ્ટીની જાણકારી, | વિવિધ ચાર્ટ, ચિત્રો, અગ્નિશામક યંત્ર |
| ➢ તર્ક આધારિત કોયડા અને રમતો (હું કરું ? ગાણિતિક કોયડા, ભૂલભૂલામણી, ઉખાણા) | વિવિધ કોયડા |
| ➢ ૧૦૮ નું ડમોસ્ટ્રેશન | ૧૦૮ રૂબરૂ મુલાકાત |
| ➢ અગત્યના હેલ્પલાઈન નંબરોની જાણકારી | ચાર્ટ, કાર્ડપેપર, સ્કેચપેન |
| ➢ નળ ફીટીંગ, ટાયરમાં હવા ભરવી, નળના સાધનોનું પ્રદર્શન | નળ ફીટીંગના વિવિધ સાધનો, હવા પૂરવાનો પંપ |
| ➢ સામાન્ય જ્ઞાનની ૧૦ ગુણની કસોટી લેવી. | વિવિધ કસોટીપત્રો |
| ➢ ઘરમાં આગ લાગે અથવા તો અકસ્માત થાય તો શું કરવું ? | |

## વિભાગ–૮ : સમૂહ જીવન અને બાલ પ્રદર્શન

| પ્રવૃત્તિ | સાધન |
|---|---|
| ➢ શાળાના શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન | શૈક્ષણિક સાધનો |
| ➢ એકબીજાને મદદરૂપ બનવું | વિદ્યાર્થીના બનેલા પ્રસંગ |
| ➢ સફાઈના સાધનોનું પ્રદર્શન | વિવિધ સફાઈના સાધનો |
| ➢ જૂના સિક્કા અને નોટોનું પ્રદર્શન | સિક્કા અને નોટો |
| ➢ વિવિધ રંગબેરંગી છીપલાં, કાંકરા અને શંખલાનું પ્રદર્શન | |
| ➢ શાકભાજી, ફળ, ફુલ એકઠાં કરવાં. | |
| ➢ ભરતગૂંથણ તથા આભૂષણોનું પ્રદર્શન | |
| ➢ વિવિધ પ્રકારના વાસણોનું પ્રદર્શન | માટીના. ચીનાઈ માટી, થર્મોકોલ, પ્લાસ્ટીક, લોખંડ, તાંબા–પિત્તળ, કાંસા, ચાંદી |
| ➢ ઈલેક્ટ્રીકના સાધનોનું પ્રદર્શન | |
| ➢ વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રોનું પ્રદર્શન | કાગળ, સ્કેચપેન |
| ➢ [illegible] અને પાંદડા[illegible] [illegible] | |

## આનંદદાયી પ્રવૃત્તિઓ આધારિત ધોરણ ૧ થી ૫ બાળમેળો

❖ **સંકલ્પના**

**બાળમેળો એટલે સર્જન અને સર્જન એટલે .....**

- સંખ્યાબંધ, વૈવિધ્યપૂર્ણ અને મૌલિક પ્રતિચારો નિપજાવતી વિચારણા માટેની શકિતઓનો સમૂહ
- ઉપયોગી સુસંગત, સુચારું અને મૂલ્યવાન પ્રક્રિયા
- આંતરિક વર્તનો અને અનુભૂતિનું દર્પણ

**બાળકોની સર્જનાત્મક શકિતનું ખુલ્લું અને મુકત પ્રદર્શન**

❖ **હેતુઓ :**

➢ બાળકોમાં ખંત, ધીરજ અને ચોકસાઈ તથા સ્વચ્છતાના ગુણો કેળવાય.
➢ બાળકોનો આત્મવિશ્વાસ વધે અને લઘુતાગ્રંથિ દૂર થાય.
➢ બાળક જીવનસંઘર્ષમાં મથામણ દ્વારા સમસ્યા ઉકેલે. કોઠાસૂઝ પ્રાપ્ત કરે.
➢ બાળક અંતઃતૃપ્તિ અનુભવે અને આનંદનો અનુભવ કરે.
➢ બાળકોમાં હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.
➢ જીવન જીવવાની વિવિધ કળાઓ શીખે.
➢ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે.
➢ બાળક અંધશ્રધ્ધાથી દૂર રહે અને આધુનિકરણથી વાકેફ થાય.
➢ બાળકોમાં તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થાય.

### પ્રવૃત્તિમય અને આનંદદાયી બાળમેળાના જુદા–જુદા વિભાગો

➢ સ્વચ્છતા અને હેલ્થકોર્નર :

પ્રવૃત્તિ : નખ કાપવા, વાળ ઓળવા, ત્વચાની સંભાળ, વર્ગખંડ અને શાળાની સફાઈ, સેનિટેશનની સફાઈ, પ્રાથમિક સારવાર.

સાધનસામગ્રી : નેઈલ કટર, કાંકસો, દર્પણ, તેલ, રૂમાલ, વેસેલીન, સાવરણા, સાવરણી, કચરા પેટી, સાબુ, પ્રાથમિક સારવાર કીટ.

➢ સિલાઈ કામ :

પ્રવૃત્તિ : બટન ટાંકવા, સાદી સિલાઈ, હુક લગાવવા.

સાધનસામગ્રી : સોય દોરો, બટન, કાપડ, હુક

➢ ગીત, સંગીત અને અભિનય :

પ્રવૃત્તિ : સંગીત વાદ્ય સાધનો વગાડવા, શૌર્યગીત ગાન, અભિનયગીત ગાન, કાવ્ય જોડકણાં ગાન કરાવવા, તાલ સાથે ઘડિયાગાન.

સાધનસામગ્રી : તબલાં, મંજીરા, ઢોલક, ખંજરી, ઓડિયો, વિડીયો કેસેટ

➢ માટી કામ :

પ્રવૃત્તિ : માટી તૈયાર કરવી, વિવિધ નમૂના બનાવવા તેને રંગ કામ કરવું.

સાધનસામગ્રી : ચીકણી માટી, ગળી, ચૂનો, ગેરુ (રમચી), વોટર કલર, રંગીન માટી (કલે)

➢ ચિત્રકામ, રંગપૂરણી, છાપકામ, રંગોળી :

પ્રવૃત્તિ : ચિત્રો દોરવા, તૈયાર ચિત્રોમાં રંગ પૂરણી, દોરી, વિવિધ શાકભાજી (ભીંડા, કોતરેલા બટાકા), કાગળના ડૂચા, રૂ, ટૂથબ્રશ, પાંદડાં, સિકકા, પીછાં, આંગળાં – અંગૂઠાની છાપ વડે પશુ–પક્ષી કે જીવજંતુઓના આકાર બનાવવા, ફૂલ–પાન, કલર, અનાજ, રેતીની રંગોળી બનાવવી, ઈંટનો ભૂકો, શંખ, કોડી, છિપલા, રંગીન ચોકનો ભૂકો વગેરેથી રંગોળી બનાવવી.

સાધનસામગ્રી : ચિત્રના કાગળ, દોરેલા ચિત્રો, વિવિધ રંગ, ગળી, શાકભાજી, પીછી, બ્રશ, કાંસકી, સિકકા, પીછાં, રૂ, કાગળના ડૂચા, પાંદડાં, વિવિધ ફૂલો, શંખ, કોડી, છિપલાં, રંગીન ચોક, ઈંટનો ભૂકો.

➢ કાતર કા.., ગડી..મ, કાગળ કામ, ચિટક કામ :

પ્રવૃત્તિ : કાગળ, કાર્ડપેપર, પૂંઠામાંથી વિવિધ ભૌમિતિક આકારો બનાવવા, કટિંગ કરવા, ગુલાબનું ફૂલ, ક્રિસમસ ટ્રી, કેન્ડલ સ્ટેન્ડ, ડાન્સિંગ ઢીંગલી વગેરે નમૂના બનાવવા રંગોળીની ડિઝાઈન બનાવવી, તોરણ બનાવવું, મ્હોરાં બનાવવાં, કાગળમાંથી હોડી, ટોપી, કેમેરા, થેલી, પાકીટ, બોકસ, દેડકો, મોર, ચકલી વગેરે નમૂના બનાવવાં, વિવિધ વસ્તુઓની મદદથી ચિટકકામ કરવું.

સાધનસામગ્રી : કાતર, વિવિધ કાગળ જેવા કે ઘૂંટેલા, વેલ્વેટ, છીંટ, પ્રિન્ટેડ, હેન્ડમેડ, છાપાના, કાર્ડપેપર વગેરે, દિવાસળીની સળીઓ, ચાંલ્લા, આઈસક્રીમની ચમચીઓ, ચણોઠી, આભલા, વિવિધ અનાજ, કઠોળ, ટિકકી, સતારા, ફૂલ, પાંદડાં વગેરે, ગૂંદર, ફેવીકોલ.

- વિજ્ઞાનના સાદા પ્રયોગો, જાદુઈ નગરી :

પ્રવૃત્તિ : તાળું ખોલવું (વૈજ્ઞાનિક અભિગમ), લોહચુંબકનો ઉપયોગ તથા તેની પ્રવૃત્તિઓ, બિલોરી કાચનો ઉપયોગ, પાણીમાં શું તરે અને શું ડૂબે, પ્રિઝમનો ઉપયોગ, હોકાયંત્ર બનાવવું, ત્રાજવા વડે વજન કરવું, સાદા પ્રયોગો કરવા, મૂળ રંગોમાં અલગ–અલગ રંગ મિલાવી મિશ્ર રંગોની સમજ આપવી. લીટમસ પત્રોની મદદથી સાદા પ્રયોગો કરવા.

સાધનસામગ્રી : લોહચુંબક, બિલોરી કાચ, લિટમસ પત્ર, વોટર કલર, મીણબત્તી, કાગળ, પાણી ત્રાજવાં, વજનિયાં, લીંબુ, હળદર, સાબુ, મીઠું.

- વેશભૂષા, નાટયપ્રવૃત્તિ, બાલવાર્તા :

પ્રવૃત્તિ : વિવિધ પાત્રોના પહેરવેશ રંગલા–રંગલી દ્વારા સ્વચ્છતા અંગેનું નાટક, ધોરણ અનુસાર પાઠ કે વાર્તાને આધારે નાટયપ્રવૃત્તિ કરાવવી, વેશભૂષા સાથે બાળવાર્તા કહેવી.

સાધનસામગ્રી : વિવિધ પહેરવેશ, પાત્ર પ્રમાણે સાધન સામગ્રી, પશુ–પક્ષીનાં મ્હોરાં.

- શબ્દ રમત, ગણિત ગમ્મત, કોયડા ઉકેલ :

પ્રવૃત્તિ : ખૂટતા અક્ષરો મૂકી શબ્દ બનાવવા, ચાર અક્ષરથી અલગ–અલગ શબ્દો બનાવવા, કક્કાવારી પ્રમાણે ગોઠવણી, ખૂટતી સંખ્યામાં ચાંદલા ચોંટાડવા, બંગડીના ટૂકડા કે કચૂકા વડે ચડતો–ઉતરતો ક્રમ ગોઠવવો, સાદા કોયડા ઉકેલ, ઉખાણાં દ્વારા વ્યવહારિક કોયડા ઉકેલ.

સાધનસામગ્રી : કાર્ડ પેપર, કાતર, કલર, સ્કેચપેન, પેન્સિલ, બંગડીના ટૂકડા, કચૂકા, ચાંદલા.

- વેસ્ટમાંથી બેસ્ટ :

પ્રવૃત્તિ : નાળિયેરના છોતરામાંથી ટોપલી, નાળિયેરની કાચલીમાંથી કાચબો બનાવવો, કારેલાનો મગર બનાવવો, કંકોત્રીમાંથી ફૂલદાની, ફોટોફ્રેમ, ચોકલેટ વેપરમાંથી વોલપીસ, સૂતળીનો હિચકો.

સાધનસામગ્રી : નાળિયેરનાં છોતરાં, કાચલી, સૂતળી, કારેલા, જૂની કંકોત્રીઓ, કાતર, ચોકલેટના વેપર, પૂંઠું, ચાંદલા વગેરે

- પ્રદર્શન પોથી :

પ્રવૃત્તિ : પાંદડા અને શાકભાજીનું પ્રદર્શન, વિવિધ પોથીઓનું પ્રદર્શન.

સાધનસામગ્રી : જુદા–જુદા પાંદડા, શાકભાજી વગેરે